# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-05-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) પીએમ સૂર્ય ઘર યોજના હેઠળ સોલર રૂફટોપ સિસ્ટમ સ્થાપવામાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે

2) ઓપરેશન સિંદુર દરમિયાન સશસ્ત્ર દળોની વીરતાને બિરદાવવા રાજ્યમાં અનેક સ્થળોએ તિરંગા યાત્રા

3) જળસંપત્તિ મંત્રી કુંવરજી બાવળિયાએ મેશ્વો અને ખારી નદી પર 18 કરોડ રૂપિયાનાં ખર્ચે નિર્મિત છ ચેકડેમનું લોકાર્પણ કર્યું

4) સિકલસેલ એનિમિયા નાબૂદી અભિયાન ' અંતર્ગત સુરત ખાતે રાજ્યનાં પ્રથમ 'સેન્ટર ઓફ કોમ્પીટન્સી-CoC'ને કેન્દ્ર સરકારની મંજૂરી

5) આવતીકાલે રાજ્યમાં અનેક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગની આગાહી

-----------------------------------------------------------------------------------

(હવે પછી આપ 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM SURYAGHAR

પીએમ સૂર્ય ઘર યોજનામાં સૌથી વધુ 34% યોગદાન સાથે ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે રહ્યું છે. 11 મે સુધીમાં પીએમ સૂર્ય ઘર યોજના હેઠળ રાજ્યમાં ત્રણ લાખ 36 હજાર સોલર રૂફટોપ પૅનલ્સ સ્થાપવામાં આવી છે.

આ અંગે સાંભળીએ એક અહેવાલ

(VOICE CAST PM SURYGHAR ANIL PATEL)

હરિત ઊર્જાને પ્રોત્સાહન આપવાની રાજ્ય અને કેન્દ્ર સરકારની નીતિને કારણે દેશમાં સૌથી વધુ સોલર રૂફટોપ સિસ્ટમ સ્થાપીને ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે રહ્યું છે. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ GUVNL દ્વારા જાહેર કરવામાં આવેલા ડેટા અનુસાર , અત્યાર સુધીમાં રાજ્યમાં 1 હજાર 232 મેગાવૉટ સૌર ઊર્જાનું ઉત્પાદન કરવામાં આવ્યું છે.

આ ઊર્જા ઉત્પાદનથી 1 હજાર 284 મેટ્રિક ટન કોલસાની બચત થઈ છે અને 1 હજાર 504 મેટ્રિક ટન કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જનમાં ઘટાડો થયો છે.

પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજનાની શરૂઆત 2024માં થઈ હતી. આ યોજના હેઠળ નાગરિકોને 300 યુનિટ સુધી મફત વીજળી આપવાની સાથે 3 kW સુધીની સિસ્ટમ પર 78 હજાર રૂપિયા સુધીની સબસિડી આપવામાં આવે છે.

સમચાર વિભાગથી અનિલ પટેલ, આકાશવાણી અમદાવાદ.

. . . . . . . . . . . . .

# TIRANGAYATRA

દેશભરમાં 13 થી 23 મે સુધી ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર દ્વારા તિરંગાને અપાવેલા ગૌરવને વધાવવા તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યમાં આજે વિવિધ જિલ્લાઓમાં તિરંગા યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતાં.

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવાના શહીદ સ્મારકથી કુવારા સર્કલ , સાપુતારા ચોકડીથી ગાંધી ઉદ્યાન સુધી તિરંગા યાત્રા યોજાઈ હતી.

સુરેન્દ્રનગર ખાતે તિરંગા યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. યાત્રામાં જોડાયેલ માજી સૈનિક માર્કંડ દવેએ આ મુજબ પ્રતિક્રિયા આપી હતી.

બાઈટ ---માર્કંડ દવે (માજી સૈનિક)

કચ્છ જિલ્લાના ભૂજ ખાતે 325 મીટર લાંબા ત્રિરંગા સાથે જ્યુબિલી સર્કલથી શરૂ થયેલી યાત્રા વિડી હાઈસ્કૂલ થઈને હમીરસર તળાવ નજીક મહાત્મા ગાંધીજીની પ્રતિમા પાસે પૂર્ણ થઇ હતી.

ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે પણ તિરંગા યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતાં.

પાટણ શહેરમાં એમએન હાઈસ્કૂલથી શરૂ થયેલી તિરંગા યાત્રા રતનપોળ , ત્રણ દરવાજા, મેન બજાર, હિંગળાચાચર અને બગવાડા થઈને રેલવે સ્ટેશન ખાતે સંપન્ન થઈ.

પોરબંદર જિલ્લાની વિવિધ સંસ્થાઓ દ્વારા આજે સાંજે નાગાર્જુન સિસોદિયા પાર્ક , એસ. ટી. ડેપો સામેથી તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તિરંગા યાત્રામાંમોટી સંખ્યામાં પોરબંદરવાસીઓ જોડાયા હતા.

બનાસકાંઠાના પાલનપુર ખાતે પણ દિલ્લી ગેટથી યાત્રા નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ યાત્રા દિલ્લી ગેટથી સિમલા ગેટ, સંજય ચોક, ગુરુનાનક ચોક થઈ મહારાણા પ્રતાપની પ્રતિમા ખાતે પૂર્ણ થઈ હતી.

આ ઉપરાંત આજે મોરબી, ભૂજ, બોટાદ અને જામનગરમાં પણ  તિરંગાયાત્રા નીકળી હતી.

. . . . . . . . . . . . .

# HRISHIKESH PATEL SOLA CIVIL

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે સોલા સિવિલ હોસ્પિટલ ખાતે ૧૦૦ બાળકોને કોકલીયાર ઈમ્પ્લાન્ટ અને એક્સ્ટર્નલ સ્પીચ પ્રોસેસર મશીનનું વિતરણ કર્યું.

શ્રી પટેલે જણાવ્યું છે કે , જન્મજાત બહેરાશની તકલીફ હોય તેવા બાળકને રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત નિ:શુલ્ક કોકલીયર ઈમ્પ્લાન્ટ અને એક્સટર્નલ સ્પીચ પ્રોસેસર મશીન નિ:શુલ્ક લગાવી આપવામાં આવે છે. કુલ ૨૨૦ બાળકોને, રૂપિયા અઢી લાખનું એક એવા આ મશીનનું બીજીવાર ફીટીંગ અને મેપિંગ કરી આપવાનું આયોજન હાથ ધરાયું છે.બાકી રહેલા ૧૨૦ બાળકોના પણ પ્રોસેસર ઈમ્પ્લાન્ટ ટુંક સમયમાં નવા બદલી આપવામાં આવશે તેમ મંત્રી શ્રી પટેલે જણાવ્યું હતું.

રાજ્ય સરકારે એક્સટર્નલ સ્પીચ પ્રોસેસર બગડ્યું હોય કે ખોવાઈ ગયું હોય તેવા કિસ્સામાં આ મશીન ફરીથી નિશુલ્ક લગાવી આપવાનો નિર્ણય કર્યો છે.

. . . . . . . . . . . . .

# MESWO DAM KUVARJI BAVALIYA

જળસંપત્તિ મંત્રી કુંવરજી બાવળિયાએ મેશ્વો અને ખારી નદી પર 18 કરોડ રૂપિયાથી  વધુના ખર્ચે નવનિર્મિત છ ચેકડેમોનું લોકાર્પણ કર્યું.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે , રાજ્યનાં ખૂણે ખૂણે નાગરિકોને પીવાલાયક તેમજ સિંચાઈ માટેનું પાણી પહોંચાડવું એ રાજ્ય સરકારનો દ્રઢ સંકલ્પ છે

ગાંધીનગર જિલ્લાના દહેગામ અને ગાંધીનગર તાલુકાના વિવિધ ગામોને સિંચાઈ માટે પૂરતું પાણી મળે તે માટે , તાલુકામાંથી પસાર થતી મેશ્વો અને ખારી નદી પર આ ૬ ચેકડેમોનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં કુલ ૪૧.૮૯ મિલિયન ક્યુબિક ફિટ ( MCFT) પાણીનો સંગ્રહ થશે. આ પાણી દ્વારા    ૩૦થી વધુ ગામના ખેડૂતોને ૩૫૦ હેકટરથી વધુ વિસ્તારને સિંચાઈનો લાભ મળશે.

આ ઉપરાંત આગામી સમયમાં , મેશ્વો નદી પર ચાર તેમજ ખારી નદી પર ત્રણ નવા ચેકડેમ બનાવવાનું રાજ્ય સરકારનું આયોજન છે.  આ તમામ ચેકડેમોનું કામ પૂર્ણ થતાં ગાંધીનગર અને દહેગામ તાલુકાના ૯૦ થી ૯૫ ગામોના ૫૫૦ હેક્ટરથી વધુ વિસ્તારને સિંચાઈનો લાભ મળશે,

. . . . . . . . . . . . .

# SUGAR MILLS REVIEW TAPI

સહકારિકતા મંત્રી જગદીશ વિશ્વકર્મા તેમજ નાણાં મંત્રી કનુ દેસાઇએ આજે દક્ષિણ ગુજરાતની વ્યારા , ગણદેવી, વલસાડ અને મહુવા ખાંડ મિલોની મુલાકાત લીધી હતી. ત્યારબાદ વ્યારાની શ્રી ઉકાઈ પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી ખાતે યોજાયેલી સમીક્ષા બેઠકમાં બંને મંત્રીઓએ મિલના ચેરમેન અને સહકારી આગેવાનો સાથે ખેડૂતોને શેરડીનાં સારા ભાવ આપવા સહિતનાં સહકારી ખાંડ મિલોનાં પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી.

આ અંગે શ્રી વિશ્વકર્માએ વધુ માહિતી આપી હતી.....

(બાઈટ – વિશ્વકર્મા,મંત્રી)

અગાઉ બંને મંત્રીઓએ વલસાડમાં ઈન્ડિયન પોટાશ લિમિટેડની મુલાકાત લીધી હતી. તેમણે વલસાડ સુગર ફેકટરીની મુલાકાત દરમિયાન નવા સંચાલક મંડળ સાથે બેઠક કરી ખેડૂતોના હિતમાં નિર્ણય લેવા માર્ગદર્શન આપ્યું હતું.

શ્રી વિશ્વકર્માએ ખાંડ મિલના સભાસદોમાં વધારો કરવા તેમજ જિલ્લાના વધુમાં વધુ ખેડૂતો સુગર ફેક્ટરીનો લાભ લે તેવો અનુરોધ કર્યો હતો.

. . . . . . . . . . . . .

# KUVARJI HALPATI ---KHATAR BIRAYAN KIT

આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજી હળપતિએ  માંડવી ખાતે આદિવાસી ખેડૂતોને કૃષિ વૈવિધ્યકરણ યોજના-૨૦૨૫-૨૬ હેઠળ ખાતર-બિયારણ કિટ્સનું વિતરણ કર્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ વર્ષે માંડવી તાલુકાના ૪૦૦ ખેડૂતોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત ખાતર-બિયારણ અપાયું છે. આ કીટમાં ખાતર સ્વરૂપે ૧ બેગ એ.પી.એસ. NPK, ૧ બેગ પ્રોમ , ૧ નેનો યુરિયાની બોટલ તેમજ તુવેર, અડદ, ડાંગર, રીંગણ અને જુવારનું બિયારણ સામેલ છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# SICKLE CELL SURAT CENTRE OF EXCELLENCE

'સિકલસેલ એનિમિયા નાબૂદી માટેનું રાજ્યનું પ્રથમ 'સેન્ટર ઓફ કોમ્પીટન્સી-CoC' સુરતમાં સ્થાપવામાં આવશે.

આદિજાતિ વિકાસ મંત્રી ડૉક્ટર કુબેર ડિંડોરે જણાવ્યું કે, સિકલસેલ એનિમિયાની આધુનિક સારવાર, નિદાન અને સંપૂર્ણ નાબૂદી માટે ભારત સરકારના આરોગ્ય- પરિવાર કલ્યાણ તેમજ જનજાતિ કાર્ય મંત્રાલય દ્વારા ગુજરાતને છ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.

શ્રી ડિંડોરે કહ્યું કે, સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે સ્થપાનાર 'સેન્ટર ઓફ કોમ્પીટન્સી- ' ગુજરાતમાંથી સિકલસેલ નાબૂદ કરવા માટે મહત્વપૂર્ણ સેન્ટર સાબિત થશે

આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી કુંવરજી હળપતિએ જણાવ્યું કે, રાજ્યમાં ગુજરાતના આદિજાતિ વસ્તી ધરાવતા ૧૪ જિલ્લામાંથી દક્ષિણ ગુજરાતમાં આદિજાતિ સમુદાયનાં દર્દીઓની સંખ્યા વધુ હોવાથી, CoC માટે ન્યુ સિવિલ હોસ્પિટલ -સુરતની પસંદગી કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# ARAVALLI ----OPERATION SINDOOR

અરવલ્લી જિલ્લા પોલીસે ઓપરેશન સિંદૂર માટે સોશિયલ મીડિયા પર ખોટી અફવાઓ ફેલાવનાર એક વ્યક્તિને ઝડપી પાડ્યો છે. બાયડ પોલિસ સ્ટેશન વિસ્તારમાં ફેસબુક પર શરીફ ચૌહાણ નામનું એકાઉન્ટ ધરાવતી વ્યક્તિએ ખોટી રીતે વીડિયો શેર કર્યો હતો.

અરવલ્લીનાં નાયબ પોલીસ અધિક્ષક ડી.પી.વાઘેલાએ જણાવ્યું હતું કે, ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ બાદ શાંતિની સ્થિતિમાં વિડિઓ શેર કરાતા , અરવલ્લી જિલ્લા પોલિસે કાયદેસરની કાર્યવાહી કરી છે.

(બાઈટ :- ડી.પી.વાઘેલા.નાયબ પોલીસ અધિક્ષક . અરવલ્લી)

. . . . . . . . . . . . .

# PATAN RSC

ભારતીય ખોરાક સુરક્ષા અને માનક સત્તામંડળ - FSSAI દ્વારા પાટણના પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રને ફાઇવ સ્ટાર રેટિંગ સાથે "ઈટ રાઈટ કેમ્પસ" એવોર્ડ મળ્યો છે.

'ઈટ રાઈટ કેમ્પસ ' પહેલનો હેતુ સમગ્ર દેશમાં કોલેજ , કાર્યસ્થળો અને આરોગ્ય સંસ્થાઓમાં આરોગ્યપ્રદ ખાણીપીણીની સંસ્કૃતિ વિકસાવવામાં મદદરૂપ થવાનો છે.

સાયન્સ સેન્ટરના પ્રોજેક્ટ ડાયરેક્ટર ડોક્ટર સુમિત શાસ્ત્રીએ જણાવ્યું કે સાયન્સ સેન્ટર, પાટણની આ સિદ્ધિ અન્ય સંસ્થાઓ માટે પ્રેરણારૂપ છે.

. . . . . . . . . . . . .

# WEATHER

હવામાન વિભાગે આવતીકાલે દક્ષિણ તેમજ ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે વરસાદની આગાહી વ્યકત કરી છે.

આવતીકાલે વડોદરા , છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ,નવસારી, વલસાડ, તાપી અને દમણ , દાદરા નગર હવેલીમાં દક્ષિણ ગુજરાત પ્રદેશના તમામ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે વરસાદની સંભાવના છે. જ્યારે ઉત્તર ગુજરાતનાં સાબરકાંઠા , અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહિસાગર અને સૌરાષ્ટ્રના રાજકોટ , જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, બોટાદ અને દીવ જિલ્લામાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. એ સિવાય પ્રદેશના બાકીના જિલ્લાઓમાં શુષ્ક હવામાનની સંભાવના છે.

હવામાન વિભાગનાં નિયામક એ.કે.દાસે વધુ માહિતી આપી હતી.

(બાઈટ – એ.કે. દાસ)

. . . . . . . . . . . . .